| | |
|---|---|
| રજુ તારીખ | ૧૦/૧૦/૨૦૨૨ |
| દાખલ તારીખ | ૧૦/૧૦/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૦૫/૧૨/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ :૦૩ માસ:૦૧ દિન:૨૫ |

**મે. મજૂર અદાલત, સુરતના ઓથોરીટી અન્ડર ઘી પેમેન્ટ ઓફ વેજીસ એકટ**
**શ્રી એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ.**

**પગારધારા અરજી નંબર : ૧૬૫/૨૦૨૨**
**આંક–૧૦**

**અરજદાર** : **પપ્પુ દેવી દયાલ યાદવ તથા બાલકિષ્ણ રામરાજ પાંડે તે પરિશિષ્ટ મુજબના કામદારો તમામ કામદારોના યુનિયન પ્રતિનિધિ તરીકે જનરલ સેક્રેટરી**
**C/o,વિશ્વાસ મજદુર યુનિયન,**
ઠે. ૨૧, મહાદેવ કોમ્પલેક્ષ, ગુજરાત હાઉસીંગ બોર્ડ,
પાંડેસરા,સુરત–૩૯૪૨૨૧

: વિરૂધ્ધ :

**સામાવાળા** : **સંગમ પ્રિન્ટસ પ્રા.લી.**
ઠે.પ્લોટ નં.૧૭૦૮, રોડ નં.૭, જી.આઈ.ડી.સી.સચીન–૩૯૪૨૩૦.

**હાજર રહયા** : અરજદાર તરફે : યુનિ.પ્રતિ.શ્રી સાહેબ દયાલ યાદવ
સામાવાળા તરફે : કોઈ હાજર નથી.

## –:: ચુકાદો ::–

(૧) આ કામના અરજદારે ઘી પેમેન્ટ વેજીસ એકટ–૧૯૩૬ ની કલમ–૧૫(૨) મુજબ અરજી કરી સામાવાળા પાસેથી અરજીના પરીશીષ્ટમાં દર્શાવેલ બાકી પગારના રૂા.૨,૪૦,૦૦૦/– ચુકવી આપવા તથા તેઓની કાયદેસરની ઉપર જણાવ્યા મુજબની લેણી રકમ ગેરકાયદેસર કપાત કરી રોકી રાખેલ હોય તેથી ૧૦ ગણી રકમ વળતર સાથે ચુકવી આપવા અરજ ગુજારેલ છે.

(૨) સદર કામે સામાવાળાને ધોરણસરની નોટીસની બજવણી થવા છતાં આ કામે સામાવાળા હાજર નહી રહેતા મારા પુરોગામીશ્રીએ પ્રોસીડીંગ લગત સામાવાળાનો જવાબનો હકક બંધ કરેલ છે. ત્યારબાદ સદર કામે મારા પુરોગામીશ્રીએ આંક–ર લગત હુકમ કરી

અરજદારની એટેચમેન્ટ બીફોર જજમેન્ટની અરજી નામંજુર કરેલ છે. ત્યારબાદ સદરહુ કામ અરજદારના પુરાવાના મુલત્વી રાખેલ હતુ પરંતુ સદરહુ કામે અરજદાર કે તેના પ્રતિનિધિશ્રી તથા સામાવાળા કે તેના પ્રતિનિધિશ્રી અત્રેની કોર્ટ સમક્ષ હાજર નહી રહેતા સદર કામે પ્રોસીડીંગ લગત બન્ને પક્ષકારોના તબકકાવાર પુરાવાના સ્ટેજો બંધ કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ સદર કામ દલીલ ઉપર આવતા બન્ને પક્ષકારો તરફે કોઈ હાજર થઈ રજુઆત કરેલ ન હોઈ જેથી સદર કામે પ્રોસીડીંગ્સ લગત બન્ને પક્ષકારોની દલીલનો હકક બંધ કરેલ છે.

(૪) આ કામે રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં આ અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**::મુદ્દા::**

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળાઓ પાસેથી આંક-૧ ની અરજીમાં જણાવેલી લેણી રકમ મેળવવા તથા માંગ્યા મુજબની અન્ય દાદ મેળવવા હકકદાર છે ?

(૨) શું હુકમ.

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:: નિર્ણય ::**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**:: કારણો ::**

**મુદ્દા નં.૧-**

(૬) સદર કામે અરજદારે હાલની અરજી પગાર ધારાની કલમ-૧૫(૨) અન્વયે કરેલ હોઈ જે સંદર્ભે જોઈએ તો અરજદાર ધ્વારા પોતાની અરજીના સમર્થનમાં કોઈપણ પ્રકારનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ હોઈ કે સોગંદ ઉપર જુબાની આપેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ નથી. તેમજ સદર કામે પ્રોસીડીંગ્સ લગત અરજદારનો પુરાવાનો હકક બંધ કરેલ છે અને ત્યારબાદ સદર કામે અરજદાર તરફે હાજર થઈ પોતાનો પુરાવો ખોલાવેલ હોઈ કે પુરાવો રજુ કરવાનો પ્રયત્ન કરેલ હોઈ તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ ન હોય, તેમજ અરજદાર ધ્વારા

તેની હાલની અરજીમાં માંગેલ રકમ સંદર્ભેની તેની પાસે કોઈ હુકમ કે એવોર્ડ હોય તે સંદર્ભેના પણ કોઈ પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ હોય તેવુ રેકર્ડ વંચાણે લેતા જણાઈ આવતુ નથી અને કહેવાતી રકમ મેળવવા માટે કામદારની તરફેણમાં હકક પ્રસ્થાપિત થયેલ હોય તે સંદર્ભેના પણ કોઈ પ્રથમ દર્શનીય પુરાવા પણ તેની અરજી સાથે કે ચાલતા કામે રજુ કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ ન હોય, આમ ઉપરોકત તમામ સંજોગો તથા હકીકતો ધ્યાને લેતા અરજદાર ધ્વારા તેઓની આંક–૧ ની અરજીમાં જણાવેલ રકમ સામાવાળા પાસેથી મેળવવા તેઓ હકકદાર હોવાનું સાબિત કરી શકેલ ન હોવાનુ અત્રેની કોર્ટનું નમ્ર પણે માનવાનુ થાય છે. જેથી હાલની અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતી ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**૧.** અરજદારની હાલની અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૫ મી, માહે–ડીસેમ્બર, ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૫/૧૨/૨૦૨૫
સ્થળ : સુરત.

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
**CODE : GJ01279**
ઓથોરીટી,
પેમેન્ટ ઓફ વેજીસ એકટ,
લેબર કોર્ટ નં.૨, સુરત.